# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-03-2025** **EVENING : 7.50 to 8.00**
**Day :FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

****************************************************

1) ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે નરેન્દ્ર મોદી સરકાર આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિ ધરાવે છે.
2) કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું કે સરકારે છેલ્લા દસ વર્ષમાં કૃષિ ક્ષેત્ર માટે બજેટમાં 10 લાખ કરોડથી વધુની ફાળવણી કરી.
3) અમેરિકાથી અમૃતસર પરત મોકલવામાં આવેલા ભારતીય નાગરિકો સાથે કરવામાં આવેલા વર્તન અંગે ભારતે અમેરિકા સામે વાંધો ઉઠાવ્યો.
4) સરકારે જળ જીવન મિશન હેઠળ દેશના 15 કરોડ 52 લાખથી વધુ ગ્રામીણ પરિવારોને નળ દ્વારા પાણી પૂરું પાડ્યું.
5) આજે આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા.
6) સ્વિસ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટના મહિલા ડબલ્સમાં આજે ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદ ક્વાર્ટર ફાઇનલમાં રમશે.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## RAJYA SABHA-HOME MINISTRY DISCUSSION

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે નરેન્દ્ર મોદી સરકાર આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિ ધરાવે છે. NDA સરકારમાં જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદને કારણે થતા મૃત્યુમાં 70 ટકાનો ઘટાડો થયો છે અને આતંકવાદી ઘટનાઓમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે.

**(BYTE : AMIT SHAH)**

આજે રાજ્યસભામાં ગૃહ મંત્રાલયની કામગીરી પરની ચર્ચાનો જવાબ આપતા શ્રી શાહે કહ્યું કે છેલ્લા દસ વર્ષમાં સરકારે રાજકીય ઇચ્છાશક્તિ અને ટેકનોલોજીના ઉપયોગ દ્વારા દેશની સુરક્ષાને મજબૂત બનાવી છે. તેમણે કહ્યું કે દેશે ભૂતકાળમાં ત્રણ મુખ્ય પડકારોનો સામનો કર્યો છે - જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ, ડાબેરી ઉગ્રવાદ અને ઉત્તરપૂર્વમાં બળવાખોરી - જેણે રાષ્ટ્રની પ્રગતિ અને વિકાસમાં અવરોધ ઊભો કર્યો હતો. શ્રી શાહે કહ્યું કે કલમ 370 દૂર કરીને, મોદી સરકારે બંધારણના ઘડવૈયાઓનું 'એક બંધારણ, એક ધ્વજ'નું સ્વપ્ન પૂર્ણ કર્યું છે.

ગૃહમંત્રીએ કહ્યું કે આવતા વર્ષે માર્ચ સુધીમાં ભારતમાં નક્સલવાદનો અંત આવશે.

અગાઉ, ચર્ચામાં ભાગ લેતા, કોંગ્રેસના સાંસદ અજય માકને દિલ્હીમાં વધતા ગુનાઓનો મુદ્દો ઉઠાવતા કહ્યું કે દિલ્હીમાં મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકો સામે ગુનાનો દર સૌથી વધુ છે.

# LOK SABHA-AGRICULTURE DISCUSSION

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે કૃષિ એ દેશના અર્થતંત્રની કરોડરજ્જુ છે અને ખેડૂતોનું કલ્યાણ એ સરકારની પ્રાથમિકતા છે. આજે લોકસભામાં વર્ષ 2025-26 માટે કૃષિ મંત્રાલયની માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતા શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન સરકારે છેલ્લા દસ વર્ષમાં કૃષિ ક્ષેત્ર માટે બજેટમાં રૂ. 10 લાખ કરોડથી વધુની ફાળવણી કરી છે. તેમણે કહ્યું કે 2004 થી 2014 સુધીના યુપીએ શાસનના દસ વર્ષ દરમિયાન કુલ બજેટ ફાળવણી ફક્ત 1 લાખ 51 હજાર કરોડ રૂપિયા હતી.

**(BYTE : SHIVRAJSINH CHAUHAN)**

# PRESIDENT- AIIMS EARLY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ- AIIMS ના 49મા દીક્ષાંત સમારોહમાં સંબોધન કર્યું. રાષ્ટ્રપતિએ કહ્યું કે, એઈમ્સ એક એવી સંસ્થા છે જેણે આરોગ્યસંભાળ, તબીબી શિક્ષણ અને જીવન વિજ્ઞાન સંશોધનમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરીને વિશ્વભરમાં પ્રતિષ્ઠા મેળવી છે.

શ્રીમતી મૂર્મુએ કહ્યું કે છેલ્લાં 69 વર્ષોથી, એઈમ્સ મૂલ્યો પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને કારણે સમયની કસોટી પર ખરી ઉતરી છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે એઈમ્સના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ વિવિધ ટોચની હોસ્પિટલો અને મેડિકલ કોલેજોનું નેતૃત્વ કરી રહ્યા છે.

# PM - COAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે એક અબજ ટનથી વધુ કોલસાના ઉત્પાદનની ભારતની સિદ્ધિની પ્રશંસા કરી. પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં તેને ઐતિહાસિક સિદ્ધિ ગણાવી અને કહ્યું કે તે ઊર્જા સુરક્ષા, આર્થિક વિકાસ અને આત્મનિર્ભરતા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

આ અગાઉ, કોલસા અને ખાણકામ મંત્રી જી. કિશન રેડ્ડીએ જણાવ્યું હતું કે અદ્યતન ટેકનોલોજી અને કાર્યક્ષમ પદ્ધતિઓએ ભારતને માત્ર ઉત્પાદન વધારવામાં મદદ નથી કરી પરંતુ ટકાઉ અને જવાબદાર ખાણકામ પણ સુનિશ્ચિત કર્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# LOK SABHA US EXTRADITION

5મી ફેબ્રુઆરીએ અમેરિકાથી અમૃતસર પરત મોકલવામાં આવેલા ભારતીય નાગરિકો સાથે કરવામાં આવેલા વર્તન અંગે ભારતે અમેરિકા સત્તાવાળાઓ સામે વાંધો ઉઠાવ્યો છે. ભારતે ખાસ કરીને પ્રત્યાર્પણ કરાયેલા મહિલાઓને બેડીઓમાં બાંધવાનો મુદ્દો ઉઠાવ્યો છે.

આ માહિતી આજે લોકસભામાં એક લેખિત જવાબમાં વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે આપી હતી. તેમણે કહ્યું કે ભારત સતત અમેરિકા સમક્ષ પ્રત્યાર્પણ કાર્યવાહીમાં પરત મોકલવામાં આવેલા વ્યક્તિઓ સાથે માનવીય વર્તનનો મુદ્દો ઉઠાવતું રહ્યું છે. શ્રી સિંહે એ પણ સ્પષ્ટતા કરી કે સરકારે તાજેતરમાં અમેરિકાથી પ્રત્યાર્પણ કરાયેલા ભારતીય નાગરિકો માટે કોઈ પણ જાતનો સ્વદેશ પરત ફરવાનો ખર્ચ ચૂકવ્યો નથી.

મંત્રીએ માહિતી આપી કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની તાજેતરની અમેરિકા મુલાકાત દરમિયાન, ગેરકાયદેસર સ્થળાંતરના નેટવર્ક સામે કાર્યવાહી કરવાની અને નાગરિકોના સલામત, વ્યવસ્થિત અને કાયદેસર સ્થળાંતરને સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

# LOK SABHA JAL SHAKTI

સરકારે જળ જીવન મિશન હેઠળ અત્યાર સુધીમાં દેશના 15 કરોડ 52 લાખથી વધુ ગ્રામીણ પરિવારોને નળ દ્વારા પાણી પૂરું પાડ્યું છે. લોકસભામાં જળ શક્તિ મંત્રાલય પર થયેલી ચર્ચાનો જવાબ આપતા, કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે જ્યારે 2019 માં જળ જીવન મિશન શરૂ કરવામાં આવ્યું હતું, ત્યારે ફક્ત ત્રણ કરોડ ગ્રામીણ ઘરોમાં જ નળના પાણીના જોડાણો હતા. તેમણે કહ્યું કે પાંચ લાખ ગામડાઓની 25 લાખ મહિલાઓને પાણીના નમૂનાઓનું પરીક્ષણ કરવા માટે તાલીમ આપવામાં આવી છે.

**(BYTE : C R PATIL)**

ચર્ચામાં વિરોધ અને સત્તાધારી પક્ષના સાંસદોએ ભાગ લીધો હતો ત્યારબાદ સંસદમાં 2025-26 વર્ષ માટેની માંગણીઓ પસાર થઈ હતી.

# MINISTRY OF FOREIGN AFFAIRS-BRIEFING

સરકારે કહ્યું છે કે યુક્રેન-રશિયા સંઘર્ષ પર ભારતનું વલણ જાણીતું છે. સરકારે કહ્યું કે ભારતે હંમેશા સંઘર્ષના કાયમી ઉકેલ માટે બંને પક્ષો વચ્ચે વાતચીત અને રાજદ્વારી સંબંધોને ટેકો આપ્યો છે.

નવી દિલ્હીમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે સંઘર્ષના બંને પક્ષો તેમજ અન્ય સહભાગીઓ સાથે ભારતની ચર્ચાઓ આ વ્યાપક અભિગમ સાથે સુસંગત રહી છે.

શ્રી જયસ્વાલે કહ્યું કે ભારત માટે સંરક્ષણ સહયોગના મહત્વપૂર્ણ ક્ષેત્રમાં યુરોપીય સંઘ સાથે ભાગીદારી વધી રહી છે. ભારત તેની સંરક્ષણ નિકાસને પ્રોત્સાહન આપી રહ્યું છે. ભારત-ચીન વાટાઘાટો અંગે શ્રી જયસ્વાલે કહ્યું કે કાઝાનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચેની મુલાકાત પછી, બંને પક્ષો વચ્ચે વિદેશમંત્રી, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને વિદેશ સચિવના સ્તરે રચનાત્મક વાટાઘાટો થઈ છે. શ્રી જયસ્વાલે જણાવ્યું હતું કે ભારત અને ચીન આ વર્ષે કૈલાશ માનસરોવર યાત્રા શરૂ કરવા માટે સંમત થયા છે.

પાકિસ્તાન અંગે શ્રી જયસ્વાલે કહ્યું કે વિશ્વ જાણે છે કે પાકિસ્તાન સરહદ પાર આતંકવાદને પ્રોત્સાહન આપે છે. તેમણે કહ્યું કે હકીકતમાં આ પ્રદેશમાં શાંતિ અને સુરક્ષા માટે સૌથી મોટો અવરોધ છે.

# RAJYA SABHA - FOREIGN RELATIONS

સરકારે વિશ્વના 30 થી વધુ દક્ષિણ અને ઉત્તરીય દેશો સાથે મહત્વપૂર્ણ ભાગીદારી જાળવી રાખી છે અને તેને મજબૂત બનાવી છે.

રાજ્યસભામાં એક લેખિત જવાબમાં, વિદેશ રાજ્યમંત્રી પાબિત્રા માર્ગેરિટાએ જણાવ્યું હતું કે આ દેશો સાથે મજબૂત દ્વિપક્ષીય ભાગીદારીની સાથે, સરકારે પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સહયોગને મજબૂત બનાવવા માટે અનેક નીતિગત પહેલ કરી છે. વિદેશ રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે સરકારે વિવિધ દેશોના બજારોમાં તેની પહોંચ વધારીને દ્વિપક્ષીય વેપારને વધારવાના ઉદ્દેશ્યથી મુક્ત વેપાર કરારો પર હસ્તાક્ષર કરવાની નીતિ પણ અપનાવી છે.

# INTERNATIONAL FOREST DAY

આજે આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષની થીમ જંગલો અને વૈશ્વિક ખાદ્ય સુરક્ષા વચ્ચેના મહત્વપૂર્ણ જોડાણ પર ભાર મૂકે છે. અમારા સંવાદદાતા જણાવે છે કે ભારતમાં જંગલો ફક્ત જીવસૃષ્ટિ જ નથી, તે જીવનરેખા છે, જે આપણી સંસ્કૃતિ, અર્થતંત્ર અને જૈવવિવિધતાનો અભિન્ન ભાગ છે. ભારતનો અભિગમ વન સંરક્ષણને લોકોની ભાગીદારી અને દૂરંદેશી નીતિઓ સાથે જોડીને વિશ્વ માટે એક ઉદાહરણ રજૂ કરે છે.

# SWISS OPEN BADMINTON

સ્વિસ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટના મહિલા ડબલ્સમાં આજે ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદ ક્વાર્ટર ફાઇનલમાં રમશે. તેમનો મુકાબલો હોંગકોંગની જોડી યેંગ નગા ટિંગ અને યેંગ પુઇ લામ સામે થશે.

બીજી તરફ, શંકર સુબ્રમણ્યમ પણ પુરુષ સિંગલ્સમાં ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગયા છે. ક્વાર્ટર ફાઇનલમાં તેમનો મુકાબલો ફ્રાન્સના ક્રિસ્ટો પોપોવ સામે થશે.

અન્ય તમામ ભારતીય ખેલાડીઓએ પોતપોતાની શ્રેણીના પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં હારનો સામનો કરવો પડ્યો હતો.